ૐ
''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૨ | ૧ જાન્યુઆરી ૨૦૧૬ | પાના-૮ | લવાજમ વાર્ષિક-રૂા.૧૦૦/-

## રાજવાણી - 'અભ્યાસ'

જો આજે તને દિવસે સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વર ભક્તિ પરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઈ લેજે. હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે છોડ્યા વિના છૂટકો થવાનો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.

નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે. વીતરાગશ્રુતનો અભ્યાસ રાખજો. અસંગતાનો અભ્યાસ કરો.

નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો.

૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયો શમાવો.
૨. સર્વપ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.
૩. આટલા સુધી જે કર્યું તે બધાંની નિવૃત્તિ થાઓ, એ કરતાં હવે અટકો.
૪. તમે પૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીના પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.
૫. કોઈ એક સત્પુરુષ શોધો, અને તેના ગમે તેવાં વચનમાં પણ શ્રધ્ધા રાખો.

એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે એમ અવશ્ય માનો.

ઘણા શાસ્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્રોથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.

કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો લાભ પણ શિથિલ થઈ જાય છે. સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમપુણ્ય યોગ બન્યો છે, માટે સર્વસંગ ત્યાગ યોગ બનતાં સુધીમાં ગૃહસ્થવાસે સ્થિતિ હોય ત્યાં પર્યંત તે પ્રવૃત્તિ, નીતિસહ, કંઈપણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહ સહિત પ્રવર્તી વિશુધ્ધ સ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.

-શ્રીમદ્ રાજચંદ્ર, સંકલન-સરોજબેન, દેવલાલી.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## વિવેકાનંદ વાણી-શતાબ્દી ગ્રંથ-૪ માંથી

ધર્મનો એક એવો પ્રકાર છે, જેને ફેશન કહી શકાય. મારી એક સ્રી મિત્ર તેના દિવાનખાનામાં ઘણું ફરનીચર રાખે છે. જાપાનીઝ ફુલદાની હોઈ તે આ જમાનાની ફેશન છે તેથી તેને ત્યાં તે હોવી જોઈએ, પછી ભલે તેમાં હજારો રૂપિયાનું ખર્ચ થતું હોય. એ જ પ્રમાણે એ બહેને થોડોક ધર્મ પણ રાખવો જોઇએ, અને કોઈક સંપ્રદાયમાં જોડાઈ જવું જોઈએ. ભક્તિ આવા લોકો માટે નથી.

દરેક આત્મા પૂર્ણ થવા નિર્માયેલો છે, અને પ્રત્યેક જીવ અંતે તે સ્થિતિએ પહોંચવાનો છે. આપણે આજે જે સ્થિતિમાં છીએ તે માત્ર આપણે પૂર્વે જેવા હતા કે જે પ્રકારના વિચારો ભૂતકાળમાં કર્યા હતા તેનું પરિણામ છે. અને વર્તમાનમાં આપણે જે કરીએ અને જેવી રીતે વિચારીએ તેવા આપણે ભવિષ્યમાં થઈશું. પણ તેનો અર્થ એવો નથી કે આપણને બહારથી કંઈ સહાય મળી ન શકે. આત્મામાં રહેલી શક્યતાઓને બહારની સહાયથી વેગ મળે છે. તે એટલે સુધી કે આ દુનિયામાં મોટા ભાગના લોકોને બાહ્ય સહાયની અનિવાર્ય જરૂર છે. વેગ આપનારી શક્તિઓ બહારથી આવે છે અને આપણી અંદરની શક્યતાઓ ઉપર તે કામ કરે છે પછી વિકાસ શરૂ થાય છે, આધ્યાત્મિક જીવનનો પ્રારંભ થાય છે અને આખરે માણસ પૂર્ણ અને પવિત્ર બને છે. બહારથી આવતી આ ઉતેજક પ્રેરણા પુસ્તકોમાંથી પ્રાપ્ત નથી થતી. એક આત્મા બીજા આત્મા પાસેથી જ આવી પ્રેરણા મેળવી શકે, બીજા કાંઈ પાસેથી નહીં. આખુંય જીવન આપણે પુસ્તકો વાંચવામાં ભલે વિતાવીએ અને આપણે મહાબુધ્ધિશાળી બનીએ તો પણ અંતે આપણને ભાન થાય છે કે આપણો આધ્યાત્મિક વિકાસ બિલકુલ થયો જ નથી.

જો તમારે ભૌતિક જગતમાં મહાન થવું હોય તો માનો કે તમે મહાન છો. હું ભલે એક સાવ નાનો પરપોટો હોઉં અને તમે ભલે એક પહાડ જેવડું ઊંચુ મોજુ હો પણ એટલું જાણજો કે આપણા બંનેનો આધાર છે અનંત સાગર, આપણી શક્તિ અને સામર્થ્યનો ભંડાર છે અનત બ્રહ્મ અને આપણે બંને ઈચ્છીએ તેટલું સામર્થ્ય અને શક્તિ એ બ્રહ્મ સાગરમાંથી ખેંચી શકીએ છીએ. માટે પ્રથમ પોતાની જાતમાં શ્રધ્ધા રાખો અધ્વૈતવાદનું રહસ્ય આ છે. અને ત્યાર પછી બીજી કોઈપણ વસ્તુમાં શ્રધ્ધા રાખો. જગતનો ઈતિહાસ જોશો તો તમને જણાશે કે જે પ્રજાઓએ પોતાનામાં શ્રધ્ધા રાખી છે માત્ર તેઓ જ મહાન અને શક્તિશાળી બન્યા છે.

# જડવત્ નહીં, શૂન્યવત્ બનો...

આત્મશુદ્ધિનો માર્ગ વિકટ છે ''આત્મશુધ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુધ્ધિની આવશ્યકતા છે. પણ આ શુધ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુધ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણી વેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુધ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. એ નમ્રતાની પ્રાર્થના કરતો, તેમાં જગતની મદદ યાચતો અત્યારે તો હું આ પ્રકરણોને બંધ કરું છું.''- **ગાંધીજી.**

ગાંધીજીની આત્મકથા એ ભારતીય સમાજદર્શનની આંતરકથા છે. બીજા શબ્દોમાં કહું તો માનવમાત્ર વતી માણસાઈએ લખેલી રોજનીશી છે.... આ આત્મકથાનું પ્રત્યેક પાનું વિચારવંત માણસનાં રહસ્યોને ખોલે છે. એને વાંચતાં દીવાનું અજવાળું આપણી જોડે વાતો કરતું હોય એવી અનુભૂતિ થાય છે. જીવનનાં હકારની આ કવિતાનો ફકરો ગાંધીજીની આત્મકથાની પૂર્ણાહુતિનો ફકરો છે. આમ તો, એના વિશે ભાષ્ય કરવાની કોઈ જરૂર નથી. ફકરામાંથી જ ગાંધીવિચારની ફોરમ આબાદ ઝડપાય છે. લોકોની વચ્ચે રહીને પોતાની સાથે આંતરમજલ કાપતા રહ્યા ગાંધીજી... આત્માને માણસે આંખો બંધ કરીને, મનને શાંત કરીને, વિચારોની ચહલપહલને રોકીને સાંભળવાની જરૂર છે. આવું થશે પછી બુધ્ધિમાં શુધ્ધિ ઉમેરાશે અને શુધ્ધિની આવશ્યકતા જીવનના દરેક માર્ગમાં છે... શુધ્ધિનો માર્ગ લખવા કે બોલવા જેટલો સહેલો નથી. વિટંબણા, વિમાસણ અને ગડમથલથી ભર્યોભાદર્યો છે. પરંતુ મનથી પર, વચનથી સધ્ધર અને પોતાની કાયાથી પાર થઈશું તો રાગદ્વેષની રંગ આપણને નહીં લાગે... ગાંધીજી પોતે કહે છે, આવી નિર્વિકાર સ્થિતિ પામવા તેઓ પ્રતિક્ષણ મથ્યા છે, છતાં પહોંચ્યા નથી. સમુદાયની વચ્ચે રહ્યા તો પણ સમુદાયની સ્તુતિ એમને ભોળવી ન શકી, ઉલટાની ડંખી...! આવી સ્તુતિને સમાજ ઝંખે છે, એ સ્તુતિ ગાંધીજીને ડંખે છે...! આપણે ગાંધીજીથી અલગ થવું છે કે ગાંધીજીની લગોલગ રહેવું છે... મનના વિકારોને જીતીશું તો ગાંધીવિચારને કેળવવા માટે 'ગાંધીવાદી' થવાની જરૂર નહીં રહે ! હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ ગાંધીજીએ એ વિચારોને માત્ર જોયા નથી, એ વિચારોથી શરમાયા છે પણ હાર્યા નથી... સત્યને શરીરની પ્રયોગશાળામાં સાબિત કરવાનો રસ એમણે લૂંટ્યો છે. અડચણોનું રૂપાંતર આવડતમાં કર્યું છે અને છતાંયે આત્મકથાને અંતે એમ લખે છે કે, મારે હજુયે એ વિકટ માર્ગને કાપવાનો છે, પસાર કરવાનો છે અને બનવાનું છે શૂન્યવત્...'' ''મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સૌથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી...'' આપણે આપણી સ્વેચ્છાએ આપણને અગ્રક્રમે મૂકવાની ચેષ્ટા કરીએ છીએ અને એટલે જ શૂન્યવતની જગ્યાએ જડવત્ બની જઈએ છીએ. બીજાએ આપણી ઉપર ઉછાળેલા કાદવથી શ્વાસ ભરીએ છીએ. ખરેખર તો કમળની જેમ કાદવની ગંધ વચ્ચે રહીને, આપણી સુગંધને, આપણી સારપને જાળવી અને જકડી રાખવાજેવી છે. નમ્રતાની આવી પરાકાષ્ઠાએ અહિંસા સિધ્ધ થાય છે. આપણે અહીંયાંથી, આ ફકરાથી 'ન-ફકરા' બન્યા વગર જીવન જીવવાની શરૂઆત કરવાની છે. હકાર પ્રગટે પછી આજુબાજુનું બધું જ ઓરમાયું લાગે અને આપણા ખેતરમાં આપણી અંદર જે ઊગે એ સવાયું લાગે... શુધ્ધિનો છોડ પ્રસિધ્ધિના નિંદામણને ક્યારે ઉવેખી નાંખશે એની ખબર જ નહીં પડે. જરૂર છે ગાંધીજીની જેમ અંતરાત્માને અનુસરવાની... પછી પ્રગટશે એ જ સક્રિય સરવાણી...

**- અંકિત ત્રિવેદી-સૌ.ગુજરાત સમાચાર.**

# એ હું નથી

ઈશ્વરની પાસે માંગવું એ કાંઈ નવું નથી.
માગ્યા વગર મળે તો કંઈ માંગવું નથી.
પગલું મુકી દીધું છે અમે પ્રેમપંથ પર
આગળ વધી ગયા પછી પાછળ જવું નથી.
જે કાંઈ સિતમ થશે એ ખુશીથી સહન કરીશ
રાખું છું ઝુબાન છતાં બોલવું નથી
આઝાદ કોણ છે ? એ મને પણ ખબર નથી.
બોલી રહ્યો છું હું જ પરંતુ એ હું નથી.

**પાનખર આપો**

મુસીબત આપવી હોય તો આઠે પહોર આપો,
પરંતુ એ સહન કરવાનું લોખંડી જીગર આપો
શરમની વાત છે જો હાથ લાંબો થાય કોઈ નો,
મઝા આવે જો હકદારોના હક માંગ્યા વગર આપો
બધા અન્યાય અત્યાચાર સળગી રાખ થઈ જાઓ
દુવાઓમાં અમારી યા ખુદા એવી અસર આપો.

**- કુતુબ આઝાદ - પ્રેષક : આસીતા સચીન ગાંધી**

# આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - વિવેકાનંદ વાણી - | ૧ |
| જડવત્ નહીં, શૂન્યવત્ બનો-ગાંધીજી-અંકિત ત્રિવેદી- | ૨ |
| તંત્રી સ્થાનેથી- ''ગોવંશી વીકાસ'', પુસ્તક પ્રતિભાવ- | ૩ |
| ગાયમાતાની સેવા ગંગા સ્નાન-મોરારી બાપુ | ૪ |
| ચિંતન ફાર્મ કુકમા-કચ્છી ખારેક-હળવદમાં- | ૫ |
| અધિકારી ડાહ્યા થયા -પુસ્તક પરબ-ભુજ - | ૫ |
| ધન્ય તને પુણિયા- | ૬ |
| મા બાપને ભૂલશો નહી -સિંગલ મધરની જીત | ૭ |
| તત્વની ઝાંખી થઈ જાય તો, પળમાં થઈ જાય - | ૮ |



આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય
ચિ.રીસીતા ના જન્મ દિવસ નિમિત્તે
જતીનભાઈ રમેશભાઈ દોશી
તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

# તંત્રી સ્થાનેથી -પવિત્ર ગીતાના અંશ સમાન અમૂલ્ય ગ્રંથ 'ગોવંશી વીકાસ' દેશી ગાય આજે પણ કામધેનુ છે.

કામધેનુ એટલે ?

કામધેનુ જ કરશે આપણી ભારતમાતાનો કાયાકલ્પ.

ગૌવંશના મુલ્યોને પુનઃ સ્થાપવાનો ચાલો કરીએ સંકલ્પ

કામધેનુ શબ્દમાં જ ગાયની ઉપાદેયતા, ઉપયોગીતા એવં ઉપકારીતા નીહીત છે.

(૧) સમગ્ર માનવજાતીની મનોકામનાઓ અર્થાત જરૂરીયાતોને સાત્ત્વીકતા અને સંવેદનાથી પુર્ણ કરવાનું સામર્થ્ય ધરાવનાર દૈવીપ્રાણી એટલે કામધેનુ. (૨) સંપૂર્ણ માનવજાતીના સર્વ પ્રકારના અનીષ્ટોને દુર કરનાર સમર્થ દૈવીશક્તી એટલે કામધેનુ. (૩) માનવ માત્રની સર્વ પ્રકારની સમસ્યાઓનું સર્વોત્તમ સોલ્યુશન એટલે કામધેનુ. (૪) ભારતના ભવ્ય ભવીષ્યનો આધાર એટલે કામધેનુ. (૫) અર્થ, આરોગ્ય, અધ્યાત્મ, ઉર્જા, સૌંદર્ય અને પર્યાવરણની આરાધ્ય દેવી એટલે કામધેનુ.

આ વ્યાખ્યા કોઈ સ્વર્ગની કામધેનુની નથી પરંતુ આપણી ભારતીય ગાયની છે. ભારતીય દેશી ગાય આજે પણ સાક્ષાત કામધેનું છે. મારા જેવા અનેકોના આદર્શ ૮૭ વર્ષના યુવાન એડવોકેટ, એન.ડી. વીનુભાઈ ગો. ગાંધી લીખીત - સંપાદીત અનુપમ પુસ્તક ''ગોવંશી વીકાસ'' એ કામધેનુનું પર્યાયવાચી છે. અર્થાત કામધેનુનું થીયરીકલી બીજું રૂપ છે. કારણ ભારતના સાત લાખ ગામડામાં વસતા પ્રત્યેક પરીવારને પોતાના પગ ઉપર ઉભા રાખી સાત્ત્વીક રીતે રોટી-કપડા-મકાન અને શુધ્ધ હવા-પાણી આપવા આપણું ગૌ-વંશ આજે પણ સંપુર્ણતયા સામર્થ્યવાન છે.

ઓ સૃષ્ટીના સર્વ માનવો! તમને ગાયમાતાના સમગ્ર માનવજાતી માટેના આકાશ જેટલા અસીમ ઉપકારોનું ભાન નથી... નહીંતર ભારતની આ ધન્ય ધરા પર એક પણ ગૌવંશને કતલ કરવાનું કતલખાનું ન હોત!!! ગાય માતા યત્ર તત્ર સર્વત્ર ભટકતી ન હોત, હું પુર્ણ આત્મવીશ્વાસ સાથે કહું છું કે, પીડીત ગૌમાતાના અનંત અનંત ઉપકારોનું એક વાર સર્વને ભાન થઈ જાય તો એ સહૃદયી ક્રુર-ઘાતકી કસાઈ હશે તો પણ ગૌવંશને બચાવવા વીવશ થઈ જ જશે.

ગૌવંશના અસીમ ઉપકારોનું ભાન કરાવવા માટેનું અજોડ પુસ્તક એટલે જ ''ગૌવંશી વીકાસ'' ભારતના પુનરોધ્ધારનો પાયો ભારતીય દેશી ગૌવંશ છે. એ વાક્યનું પ્રત્યક્ષીકરણ આ પુસ્તકના પ્રત્યેક પાના ઉપર છે.

આ દેશને પુનઃ વીશ્વગુરુ સ્થાને બીરાજમાન કરવા અને આ દેશની સમગ્ર મનુષ્ય જાતીને સર્વાંગી પતનની ઉંડી ખીણમાંથી બહાર કાઢીને પુનઃ પ્રાણવાન, ઉર્જાવાન, આરોગ્યવાન, સમૃદ્ધીવાન, સૌંદર્યવાન, સામર્થ્યવાન અને ગુણવાન બનાવી સર્વોન્નતીના શીખરે પ્રતીષ્ઠીત કરવા આપણું દેશી ગૌવંશ આજે પણ સંપુર્ણ સામર્થ્યવાન છે. એની ગવાહી કરતું આ પુસ્તક છે - ''ગૌવંશી વીકાસ''

ભાગ્યશાળીઓ ! ગાયમાતા આપણી સમૃદ્ધીનો પાયો છે. તો ગૌવંશ આધારીત કૃષી વ્યવસ્થા એની આધારશીલા છે. એ બંનેનો નાશ કરવા માટે અર્થાત ગૌવંશ આધારીત ખેતીનો નાશ કરવા ટ્રેક્ટર, ફર્ટીલાઈઝર એવં પેસ્ટીસાઈડ તથા ગાયોનો નાશ કરવા ક્રોસબ્રીડીંગ અને કતલખાના ગોઠવાઈ ગયા છે. ત્યારે ...

ઓ ! મુક - બધીર અને મંદબુદ્ધીવાળા જેવા નમાલા બની ગયેલા મારા પ્રીય ભાઈબહેનો જરા ધ્યાન દઈને સાંભળો!!!

સમગ્ર ભારતમાં ગોવંશની હત્યાબંધીનો કાયદો અમલમાં મુકવામાં આવે તો ૩૬૦૦૦ કરોડનું નુકશાન નહીં કીંતુ ૩૬ લાખ કરોડ કરતાં પણ વધારે ફાયદો થશે... એટલું જ નહીં, આજે જન્મ લેતા પ્રત્યેક બાળક ઉપર રૂપીયા ૩૩ હજારનું જે દેવું છે તે ઋણમુક્ત બનશે. રૂપીયો ડોલર સમકક્ષ જરૂર બની શકે.

અમુલ્ય ગોધનની કતલ કરીને કેવલ ૩૬૦૦૦ કરોડની ચીંતા કરનારા ઓ અહીત ચીંતકો! આઈ.એમ.એફ. અને વર્લ્ડ બેંકની લોનને રીટર્ન કરવાની તાકાત અમારા જીવંત પશુધનમાં છે, એવી ફોર્મ્યુલા આ પુસ્તકમાં બતાવવામાં આવી છે.

**- અચલગચ્છીય, સાધ્વી- દેવરક્ષીતા મ.સા.**

લોહીભીની વેદનાથી આ આપણી દુ:ખભરી કહાણીનો દર્દભરી કલમે લખાયેલ આ પુસ્તક એક અમૂલ્ય દસ્તાવેજ છે.

છેલ્લા ત્રણ સૈકા દરમ્યાન થયેલ ઔદ્યોગીક વીકાસની ઉપલબ્ધીઓના સતાવાર આંકડાકીય માહીતીના વીશ્વલેષણના આધારે વીકાસના નામે માનવ જગતને થયેલ નુકસાન અંગેની માહીતી પ્રત્યે ''ગૌવંશી વીકાસ'' ના લેખકે યથાર્થ ધ્યાન દોરેલ છે.

અનેક ભાષાઓમાં અનુવાદ કરી પ્રજાને જાગ્રત કરી શકે એવું દૈવત આ પુસ્તકમાં છે.

ગૌશાળાઓ-પાંજરાપોળો-ગો આધારીત કાર્ય કરતી સંસ્થા કાર્યકર્તાઓને બહુમૂલ્ય ઉપયોગી પુસ્તક છે. દસ્તાવેજ છે.- **તંત્રી**

**લેખક- સંપાદક : વીનુભાઈ ગો. ગાંધી, જી-૩, સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ, કાળા નાળા, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન નં.૦૨૭૮-૨૪૨૭૧૬૬**

**પ્રકાશક : શાહ વીમળાબેન જગુભાઈ**

**<u>પુસ્તક મેળવવા સંપર્ક :</u> દીલીપભાઈ જગુભાઈ શાહ, કલ્યાણ ઈંડસ્ટ્રીઝ, વેલચંદ બીલ્ડીંગ, દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન.૦૨૭૮૨૪૨૧૦૦૪, મો.નં.૯૮૨૫૨૮૯૨૧૮**

**પાના ૧૯૯, પડતર કિંમત માત્ર રૂ.૬૦/-**

શુદ્ધ દેશી ઘીએ એક ૭૫ વર્ષીય હૃદય રોગના દરદીનું સ્વાસ્થ્ય સુધારવામાં કેવો ચમત્કાર સર્જ્યો તેનું વર્ણન કરતાં તે કહે છે કે હું દસેક વર્ષ અગાઉ હૃદય રોગના ભારે હુમલાનો ભોગ બન્યો હતો. મારી સ્થિતિ ઉત્તરોત્તર બગડતી જતી હતી. બે વર્ષ પછી કાર્ડિયોલોજિસ્ટોએ હાથ ખંખેરી દીધાં ત્યારે હું આયુર્વેદ તરફ વળ્યો. આયુર્વેદિક તબીબોએ મને ઔષધિઓ સાથે ઘી ખાવાની સલાહ આપી. ત્યાર પછી અમે ઘરમાં તેલ વાપરવાનું સદંતરપણે બંધ કરી દિધું અને માત્ર શુદ્ધ દેશી ઘીમાં જ રસોઈ બનાવવા લાગ્યા. આટલાં વર્ષથી હું દરરોજ દાળ, ભાત, શાક અને રોટલીમાં મળીને લગભગ દસેક ટી-સ્પૂન ઘી લઉં છું. અને મહત્ત્વની વાત એ છે કે આ ઈલાજ શરૂ કર્યાં પછી મારું સ્વાસ્થ્ય સુધર્યું છે. હું સરળતાથી બીજા માળ સુધી પગથિયા ચડી શકું છું અને એક કલાક ચાલી શકું છું. સ્વાભાવિક રીતે જ હું તેનો સઘળો યશ શુદ્ધ દેશી ઘીને આપું છું. **સંકલન-વૈશાલી ઠક્કર**

# ગાયમાતાની સેવા ગંગાસ્નાન અને યમુનાપાન સમાન છે

રામચરિતમાનસમાં ગાયનો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે. આજે વિશ્વમાં સમસ્યાનો આટલો મોટો જમેલો છે. એની પાછળ ઘણાં કારણ છે એમાંનું એક મોટું કારણ ગોવધ છે, ગો અનાદર છે. આજે સમાજમાં મોટાભાગના લોકો જાગ્યા છે. અમારે પૂજનીય દત્તશરણાનંદજી મહારાજ ગાયોની વાત આવે ત્યારે સ્પષ્ટ કહે કે ગોસેવા કેવળ વિચારાત્મક ન હોવી જોઈએ. ગોસેવાની પ્રવૃત્તિ સમાજમાં રચનાત્મક બનવી જોઈએ. સમાજમાં ઘણીવાર લોકો વિચારાત્મક બને છે પરંતુ પછી રચનાત્મક રહી શકતા નથી. આજે દરેક સમાજે ગાયની સેવા પોતપોતાના સ્તરે કરવી જોઈએ. ગાયની સેવા કેવળ ખેડૂતની કે કેવળ માલધારી સમાજની જ જવાબદારી નથી. ગુજરાતના બહુ જ મોટા વિચારવાન વ્યક્તિ ગુણવંત શાહ બાંગ્લાદેશ ગયા ત્યારે એમણે ત્યાંથી મને એક વાત કરેલી કે બાપુ, હું એ વાતે હેરાન છું કે આ મુસ્લિમ દેશોમાં માત્ર ગાયનું જ દૂધ પીવામાં આવે છે. ગાયનું જ ઘી વપરાય છે. ગાયનાં બધાં દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે શા માટે ચૂકી જઈએ છીએ? અને વાત એવી કોઈ મોટી નથી. આપણે બધા પોતપોતાના સ્તરે ઈમાનદારીથી કામ કરીએ.

કથા સાંભળવાથી સ્વર્ગ મળી જાય તો એમાં મને કોઈ મુશ્કેલી નથી. પરંતુ કથા સાંભળ્યા પછી આપણે અહીં સ્વર્ગ નિર્મિત કરવું છે.

**'હું તો ધરાનું હાસ છું, હું પુષ્પનો પ્રવાસ છું**
**નથી તો ક્યાંય પણ નથી, જુઓ તો આસપાસ છું**
**નિષેધ કોઈને નહીં, વિદાય કોઈને નહીં**
**હું શુદ્ધ આવકાર છું. હું સર્વનો સમાસ છું'-રાજેન્દ્ર શુક્લ**

આજે સંતો-મહંતો વૈશ્વિક સમસ્યાઓને કારણે ગૌસેવાની પ્રવૃત્તિમાં લાગ્યા છે ત્યારે સમાજના પ્રત્યેક વ્યક્તિએ પોતાની રીતે કંઈક યોગદાન આપવું જોઈએ. બને તો ગાય પાળવી જોઈએ. ગાય પાળવાની ક્ષમતા ન હોય તો ગાયની ચીજવસ્તુનો ઉપયોગ કરવો જોઈએ. હું કરું છું એટલે તમને અપીલ કરવાનો અધિકારી છું. તમે બધા આ વિષયમાં વિચારજો. બહુ જ મોટું કામ થઈ શકે છે. દેશમાં અમુક વસ્તુ બચવી જ જોઈએ. દેશનો યશ બચે, દેશની ગાય બચે, યમુનાનો નિરંતર પ્રવાહ બચે. આજે વ્રજમંડલની પણ એ જ તો મોટી સમસ્યા છે. અનેક સંસ્થાઓ, સંતો એ માટે પ્રવૃત્ત છે. વ્યાસપીઠ પરથી રાજપીઠને હું કહેવા માગું છું કે અમે થોડામાં ગુજારો કરી લઈશું, પરંતુ મહેરબાની કરીને અમારા પાવન પ્રવાહને બંદી ન બનાવો. આજે ગંગાની પણ એ જ હાલત છે. ગંગાના શુદ્ધિકરણની યોજના કરવામાં આવી હતી. સારી વાત છે. એને તત્કાળ ક્રિયાન્વિત કરવામાં આવે. ગિરિરાજનું શુદ્ધિકરણ, વ્રજચોરાસી દોષનું શુદ્ધિકરણ, યમુનાના નિરંતર પ્રવાહનું જતન થવું જોઈએ. આજે લોકો જે તે વસ્તુઓ યમુનામાં નાખતા હોય છે. આપણે યાત્રાળુઓ પણ જે તીર્થોમાં જઈએ ત્યાં એ તીર્થોને અશુદ્ધ ન કરીએ. જ્યાં ત્યાં કચરો ન નાખીએ ગમે ત્યાં ગંદકી ન કરીએ એનું આપણે બધાએ ધ્યાન રાખવાનું છે. તીર્થધામને સ્વચ્છ રાખવું એ આપણી બધાની ફરજ છે. તીર્થ અપરાધ સારો નથી. આપણા દેવસ્થાન, તીર્થસ્થાન, પવિત્રસ્થાન, પવિત્રપ્રવાહની શુદ્ધિકરણની જવાબદારી આપણી છે. મેં જોયું છે કે ગાયો વિશે અને ગંગા વિશે ચિંતિત લોકો પણ મર્યા પછી પોતાનું અડધું શરીર ગંગામાં વહેતું મૂકે છે! તો પછી જિંદગીભર તેં શું કર્યું! આખેઆખું શરીર બાળી શકતા નથી? વિચારો તો ખરા? ગંગાના સેવક થઈને આપણે ગંગામાં આ બધું શું કામ નાખીએ છીએ. તથાકથિત પરંપરા ચાલી રહી છે. કેટલીક પરંપરાઓને સમજ્યા વિના નિભાવો નહીં. કોઈ વિચારવાન લોકોને પૂછો. દરેક બાબતમાં સંશોધન થવું જોઈએ. તીર્થની સેવા સાથે ગાયની સેવા થવી જોઈએ. મને આનંદ છે નાનપણથી મારી કથાઓ સાંભળનારા મારા ઘણા શ્રોતાઓ આવી અનેક સંસ્થાઓમાં એમનું સંપૂર્ણ જીવન સમર્પિત કરે છે. પ્રસિદ્ધિથી મુક્ત થઈને સેવાના કામમાં લાગેલા છે. મારી પુનઃસર્વને પ્રાર્થના છે કે સુવિધા હોય તો ગાયને પાળજો. જો અનુકૂળ ન હોય તો ગૌશાળાની એક-બે ગાય હેસિયત પ્રમાણે દત્તક લેવી જોઈએ. ગાય તો રાષ્ટ્રનો શણગાર પણ છે અને સુરક્ષા પણ છે. જે ઘરમાં ગાય વસે છે ત્યાં દેવતાઓ વસે છે. સમાજના સંપન્ન પરિવારે ગાયને આજીવન દત્તક લેવી જોઈએ. આજે ગાયને બચાવવા માટે સંતો પોતાની સાધનાનું બળ લગાવી રહ્યા છે. પોતાની તપસ્યાથી મેળવેલી ઊર્જાને એમાં ખરચી રહ્યા છે ત્યારે આપણું દાયિત્વ બને છે આપણે બધાએ ગાયસેવામાં આગળ વધવું જોઈએ. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે કોઈ વિશેષ સત્કર્મ કરવા માટે નદીનો તટ પવિત્ર માનવામાં આવે છે. પર્વતનું શિખર પવિત્ર માનવામાં આવે છે. પરંતુ કોઈ શિખર પર ન જઈ શકે. કોઈ તીર્થના તટ પર ન જઈ શકે તો ગાયના આસપાસના પ્રદેશને શુદ્ધ કરીને સત્કર્મ કરે તો પણ એનું સવાયું ફળ મળશે. વર્ણાશ્રમની આપણી જે પવિત્ર વ્યવસ્થા છે એ મુજબ ગાયોમાં સર્વ વર્ણ સમાહિત છે. ગાયોમાં બધા જ આશ્રમનાં દર્શન થાય છે. ગાય જો એક જ કોમની હોય કે એક જ ધર્મ સાથે જોડાયેલી હોય તો પછી વિદેશી લોકો પણ ગાયના દૂધનો ઉપયોગ શા માટે કરે છે? ગાય આપણો આત્મા છે. આત્મા હોવાને નાતે ગાય પ્રિય હોવી જોઈએ. ગાય વિશ્વનો આત્મા છે. જેમ ગવર્નમેન્ટ બાય ધી પીપલ, ફોર ધી પીપલ, ફ્રોમ ધી પીપલ, એમ ગાય લોકો માટે છે. લોકો દ્વારા પૂજિત છે. એક બહુ જ મોટા વિદ્વાને મને કહ્યું હતું કે બાપુ આપણે ગાયનું પાલન કરીશું, ગાય આપણા પરિવારનું પાલન કરે છે. જે દેશમાં જે રાષ્ટ્રમાં ગાયની સેવા થતી હશે એ રાષ્ટ્ર સમૃદ્ધ બને છે. આફ્રિકાની પ્રજાના એક વર્ગમાં જ્યારે લગ્ન થાય છે ત્યારે છોકરા પાસે કેટલી ગાયો છે એવું પૂછવામાં આવે છે. ગાય અર્થનું મૂળ છે. ગાય ઉપર સંશોધન થઈ રહ્યું છે. અને એ રીતે આખો દેશ ચાલે છે. ગાય તો ગંગા-યમુનાનો નિત્ય સંગમ છે. ગાયની સેવા એ તો ગંગાસ્નાન અને યમુનાપાન છે.- **પૂ.મોરારી બાપુ,**

**સંકલન: રામેશ્વરદાસ હરિયાણી. સૌ. દિવ્ય ભાસ્કર.**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. રશ્મીબેન સંઘાણી | - સાંતાક્રુઝ | ૫૦૦/- |
| ૨. પ્રકાશ ચંદે | - મુલુંડ | ૧૦૦/- |
| ૩. પંડયા ડી. એચ. | - બોરીવલી | ૧૦૦/- |
| ૪. ડૉ. રવીન્દ્ર કાપડીયા | - બોરીવલી | ૧૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

## ચિંતન ફાર્મ, કુકમા

ચિંતન ફાર્મ, ગુજરાતના કચ્છ જિલ્લાના મુખ્ય શહેર ભુજથી ૧૫ કિ.મી. દૂર ભૂજ-અંજાર રોડ ઉપર આવેલ કુકમા ગામે આવેલું છે અહી સજીવ ખેતીનો પ્રચાર, પ્રસાર અને પ્રયોગોનું કામ થાય છે તો સાથે સાથે ગૌરક્ષા, ગૌસેવા અને ગૌસંવર્ધનનું કામ પણ થાય છે.

ફાર્મ બે ભાગમાં વહેચાયેલુ છે. રસ્તાની એક બાજુ ઓફિસ, સ્વાગત કક્ષ, પુસ્તકાલય, શિબિરાર્થીઓ માટેનું સભામંડપ વગેરે છે. આ બધા વિભાગો સ્થાનિક ઉપલબ્ધ સામગ્રી (લાકડુ, બામ્બુ, વૃક્ષના પાંદળા, ઘાસ, માટીના નળિયા) વાપરીને બનાવાયા છે. શક્ય હોય ત્યાં સુધી ઈંટ કે સિમેન્ટ-કોન્ક્રીટનો વપરાશ ટાળવામાં આવ્યો છે. જમીન પર છાણનું લીંપણ છે.

અહીં પુસ્તકાલયમાં સજીવ ખેતી, ગોપાલન તથા પર્યાવરણ સંબંધી પુસ્તકો વાંચવા તથા વેચાણ માટે ઉપલબ્ધ છે. સ્વાગત કક્ષમાં ગોપાલન, સજીવ ખેતી અને પર્યાવરણ સંબધી ઉપયોગી માહિતી આપતા ચાર્ટસ દિવાલ પર ટાંગવામાં આવ્યા છે જેનો મુલાકાતી લાભ લઈ શકે છે.

રસ્તાની બીજી બાજુ ગૌશાળા છે જેમાં કચ્છની ''કાંકરેજ'' ગાયનું ગોસંવર્ધનનું કાર્ય થાય છે વળી ગૌ-મૂત્રમાંથી જુદા જુદા ઔષધો પણ અહીં બનાવાય છે જેનું વેચાણ કેન્દ્ર અહીં આવેલું છે. વળી ફાર્મના આ ભાગમાં એક આદર્શ ગામનું મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં માટીકામ, લાકડાકામ અને લોખંડકામ કરવાના નાના યુનિટો છે જ્યાં અનુક્રમે કુંભાર, સુથાર, લોહાર દ્વારા સંસ્થાની જરૂરિયાત મુજબ વિવિધ વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ થાય છે. ફાર્મમાં ઔષધીય ગુણધર્મ ધરાવતા વૃક્ષોનું પણ વાવેતર કરાયુ છે.

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મનોજભાઈ સોલંકી વ્યવસાયે તો ઉદ્યોગપતિ છે પરન્તુ ગોપાલન અને કૃષિ એમની પહેલી પસંદ છે. આ સંબધી શિબિરો એમના ફાર્મમાં દર મહિને યોજાય છે જેની માહિતી ફોન નંબર ૦૨૮૩૨-૨૯૦૮૮૨ પરથી મેળવી શકાશે.

**- લિ. શાંતિલાલ ગડા, અંધેરી,મોબા.૯૩૨૩૪૧૨૪૭૧.**

## કચ્છી ખારેકનું હળવદમાં ઉત્પાદન

હળવદના વૃદ્ધ ખેડૂતે ખારેકના વાવેતરમાં ક્રાંતિ સર્જી છે. હળવદના મયૂરનગર ગામના ૯૧ વર્ષીય ત્રિભુવનભાઈ જોબનપુત્રાએ ૨૦૧૧માં ઓર્ગેનિક ખેતી અંતર્ગત કચ્છની બરઈ ખારેકના ઊંચી કિંમતના ૧૧૦ રોપા વાવ્યા હતા. રોપાના ઉછેર માટે ગાયનાં છાણનો ઉપયોગ કર્યો. ત્રણ વર્ષ બાદ ખારેકનું ઉત્પાદન શરૂ થયું અને એક રોપા દીઠ ૨૫ કિલોની ઊપજ મળવા લાગી. હળવદમાં થયેલી આ ખારેક કચ્છની ખારેક કરતાં પણ મીઠી છે તેમ લોકોનું કહેવું છે. બાદમાં ખારેકના વધુ ૩૯૦ રોપા વાવ્યા અને તેમાંથી પણ મબલક ઉત્પાદન મળતાં આ ખારેકની હળવદ સહિત અમદાવાદમાં પણ માંગ છે. સામાન્ય રીતે કચ્છની ખારેક વખણાય છે, પરંતુ સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત હળવદમાં બરઈ ખારેકનું વાવેતર કરાયું અને તેમાં સફળતા મળી છે. જૈફ વયે પણ ઓર્ગેનિક પદ્ધતિથી ખેતીમાં નવો જ પ્રયોગ કરીને અન્ય ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી છે. આ ખારેકનું ઉત્પાદન થતાંની સાથે જ તે વેચાઈ જાય છે. તેની માંગ જોતાં ભવિષ્યમાં અન્ય ખેડૂતો પણ ખારેકની ખેતી તરફ વળી શકે છે.

## અધિકારીઓ ડાહ્યા ડમરા થયા!

પ્રજાની સમસ્યાના નિરાકરણ માટેના ગુજરાત સરકારના **''સ્વાગત ઓનલાઈન'' કાર્યક્રમની** વિશેષ ચર્ચા છે. જિલ્લા અને તાલુકા મથકેથી અધિકારીની હાજરીમાં મુખ્યમંત્રી સાથે વીડિયો કોન્ફરન્સથી પોતાની ફરિયાદો કરે છે.

કાર્યક્રમ દર મહિનાનાં ચોથા ગુરુવારે યોજાય છે. મોટાભાગના કેસમાં પ્રજાની સમસ્યાનું સમાધાન ઓન ધ સ્પોટ આવી જાય છે. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે સ્વાગત ઓનલાઈનની ભારે ચર્ચા થતી, પરંતુ મોદીને કેન્દ્રમાં ગયા બાદ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં અધિકારીઓને ખાસ રસ રહ્યો ન હતો. જે અધિકારી આવતા તે પૂરતી માહિતી, રેકોર્ડ અને પુરાવા સાથે લાવતા ન હતા. આ કારણથી પ્રજાની સમસ્યાનો તત્કાલ સમાધાનનો હેતુ પણ સરતો ન હતો.

આ જાણકારી મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને થતાં તેમનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. આ માટે તેમને કડક ભાષામાં પરિપત્ર જાહેર કર્યો અને અધિકારીઓને તાકીદ કરી કે, પૂરી વિગત, રેકોર્ડ અને પુરાવા સાથે દરેક અધિકારીએ કાર્યક્રમમાં ફરજિયાત હાજર રહેવું. આ પરિપત્રનો પડઘો પડ્યો કે બધા અધિકારીઓ સીધા દોર થઈ ગયા. આજે તેઓ રેકોર્ડ, પુરાવા, ફાઈલો સાથે જિલ્લા અને તાલુકા મથકે હાજર રહે છે. મુખ્યમંત્રીના ગુસ્સાનો ફાયદો પ્રજાને મળ્યો છે. પ્રજા હવે હાશ અનુભવી રહી છે.

**- સૌ. ચિત્રલેખા.**

## વિચાર અને વ્યક્તિત્વ ઘડતર માટે પુસ્તક પરબ

વાંચન દ્વારા વિચાર અને વ્યક્તિત્વ ઘડતરના ઉદ્દેશથી ભુજની ઈન્સ્ટિટ્યૂટ ઓફ યૂથ ડેવલપમેન્ટ સંસ્થાએ નવતર પહેલ કરી છે. પુસ્તક પરબ અને ઝોલા લાઈબ્રેરી દ્વારા લોકોમાં અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વાંચનપ્રેમ જગાવવા પ્રયાસ કરાયો છે. આ માટે દાતાઓ પાસેથી દાનરૂપે પુસ્તકો મેળવવામાં આવે છે અને વાચકોને નિ:શુલ્ક અપાય છે.

ભુજના હમીરસર તળાવના કાંઠે વિજયરાજજી લાઈબ્રેરીમાં છેલ્લાં બે વર્ષથી પુસ્તક પરબ ચાલે છે. હવે દૂરના લોકોને અહીં સુધી આવવું ન પડે તે હેતુથી એક મોટા થેલામાં પુસ્તકો સાથે ભુજના વિવિધ વિસ્તારોમાં ઝોલા લાઈબ્રેરી સ્થાનિક મહિલા મંડળ અને વયસ્ક મંડળ દ્વારા ચલાવાય છે. ભુજમાં અત્યાર સુધી બે ઝોલા લાઈબ્રેરી ચાલુ કરાઈ છે અને વધુ ૮ શરૂ કરવાની ધારણા ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ રસનિધિ અંતાણીને છે. પુસ્તકો લઈ જનારા ૯૫ ટકા વાચકો પુસ્તક પરત કરે અથવા અન્ય વાચકોને આપીને પુસ્તક પરબ કે ઝોલા લાઈબ્રેરીનો મૂળ ઉદ્દેશ સાર્થક કરે છે. દર મહિનાના પહેલા રવિવારે વાચકોને પુસ્તકો અપાય છે. પરબનો લાભ દર અઠવાડિયે ૧૨૫ થી ૧૫૦ અને ઝોલા લાઇબ્રેરીનો લાભ અંદાજે ૪૫ થી ૫૦ વાચકો લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે સંસ્કાર, માનસિક વિકાસ, બહેનો માટે આરોગ્ય અને પરિવાર તથા ભાઈઓ માટે મોટિવેશનલ પુસ્તકો રખાયા છે. આ પ્રોજેક્ટમાંથી પ્રેરણા લઈને કચ્છના માંડવી, આદિપુર, ગાંધીધામ, મુન્દ્રામાં પણ આવી પ્રવૃત્તિ શરૂ થઈ છે.

# ધન્ય તને પુણિયા, ધન્ય !

રાજગૃહીમાં એક શ્રાવક વસે. નામે પુણિયો.

પુણિયાની શ્રીમંતાઈનો પાર નહી. વૈભવ એના ગૃહાંગણે આળોટે. એકદા મહાવીર વર્ધમાન રાજગૃહીમાં અચાનક આવી ચડ્યા. પુણિયો વંદન કરવા ગયો ને સવિવેક કહ્યું : 'પ્રભુ! આપે નગરી અણધારી પાવન કરીઃ અમે ધન્ય થયા!'

ભગવાન મહાવીરે નેહ નીતરતાં નયને તેની સામે જોયું, 'પુણિયા આજે તો ચિંતા થઇ ગઇ.'

'શાની, પ્રભો!'

'તારી!'

'મારી?' પુણિયાના શબ્દોમાં આશ્ચર્ય અવતર્યું.

'હા, તારી પાસે અપાર લક્ષ્મી છે. એમાં તું આસક્ત થઈને ડુબી જઈશ તો દુર્ગતિ દૂર નહી હોય : ઓહ! એવું કેમ બનવા દેવાય?'

'ન જ બનવા દેવાય! પુણિયાએ તત્ક્ષણ હાથ જોડ્યા : પ્રભો! જે કંઈ મારી સંપત્તિ છે, તેમાં રહેવા માટે ઘર, સૂવા સંથારો, જરૂરી સામગ્રી સિવાયની તમામ સંપત્તિનો આજથી ત્યાગ! પ્રભુ, આસક્તિ મારામાં પ્રવેશે તે પૂર્વે જ તેનો ત્યાગ કરવો વધુ સારુ નહી? હું આજથી પ્રતિજ્ઞાબદ્ધ થાઉં છું.'

સમગ્ર રાજગૃહીએ આ જાણ્યું ત્યારે સૌએ પ્રશંસાના ફૂલ વરસાવ્યા. એ પળથી પુણિયાનું જીવન જ પલટાઈ ગયું. જ્યાં સંપત્તિ રમતી હતી ત્યાં સાદગી આવી : જ્યાં વૈભવ રમતો હતો, ત્યાં વિરાગ આવ્યો : જ્યાં ઐશ્વર્ય રમતું હતું, ત્યાં સભ્યતા આવી ! જાણે સંસ્કારે ત્યાં નિવાસ કર્યો ! રાજગૃહીના આંગણે એક સંસ્કારવંતા જીવનના દર્શન લાવ્યા. પુણિયો હવે રોજના સાડા બાર દોકડા કમાતો ! સાદાઈથી રહે. એક દિન ખુદ ઉપવાસી રહે ને અતિથિનો સત્કાર કરે, બીજે દિવસે પત્ની ઉપવાસ કરે અને અતિથિને આવકારે. અતિથિ વિહોણો દિવસ ન જાય. એ કહેઃ તિથિ જોયા વિના આવે તે અતિથિ, તેને સત્કારી ન શકું તો જીવ્યું વ્યર્થ લાગે!

સમય વીતે છે. વ્રતભર્યા જીવનના તેજ પુણિયાના મુખ પર ચમકે છે.

એક દિવસની વાત છે. પુણિયા શ્રાવકને ત્યાં અતિથિ આવ્યા છે. અનોખા એ અતિથિ છે, અનોખી છે એમની વાતો. વિદ્યાસિદ્ધ પુરુષ છે એ. ચતુર્દશીનો દિવસ છે. પુણિયાનો ઉપવાસ છે. આંગણે આવેલા અતિથિનો અદ્‌ભૂત સત્કાર કર્યો છે, ભાવથી સાધર્મિક ભક્તિ કરી છે.

આંગતુક મહેમાને ચોપાસ નજર ઘુમાવી. ઘરમાં માટીનું લીંપણ છે, સ્વચ્છતા છે, જરૂરી થાળી- વાટકા છે, બીજું કંઈ જ નથી! પુણિયા અને તેની પત્નીના મુખ પર સંતોષનાં તેજ છે!

સંધ્યા ઢળી.

પુર્ણિમાની રાત પ્રારંભાઈ, પુણિયાને પ્રગાઢ નિદ્રા આવી ગઈ.

સિદ્ધ પુરુષે મધ્ય રાતે રસોડામાં જઈને એક તુચ્છ તપેલી હાથમાં લીધી, પોતાની ઝોળીમાંથી મણિ કાઢ્યો ને તપેલીને સ્પર્શ કરાવ્યોઃ તપેલી સોનાની બની ગઈ!

પ્રાતઃ કાળ થયો. કૂકડો બોલ્યો ત્યારે અતિથિ આગળ ચાલ્યા ગયા, પુનઃ કદીક આવવાનું વચન આપીને!

પુણિયાએ સવારમાં જોયું તો તપેલી, જે પોતાની હતી, તે જ ન મળે! તેની જગ્યાએ સાવ સોનાની તપેલી! પુણિયો આખી વાત સમજી ગયો. જે હતું તેય પ્રભુનાં વચને ત્યાગ્યું. આ અણહકનું મને ન જોઈએ ! પ્રભુ કહેતા હતા : અણહકના ધનની કિંમત ધૂળ જેટલીય નથી!

પુણિયાના હાથમાં રહેલી સોનાની તપેલી ચમકતી હતી, આંખમાં રહેલું ઝાકળના બિંદુ જેવું આંસુ પણ!

પળવારમાં તેણે નિશ્ચય કર્યોઃ એક જીર્ણ વસ્ત્રમાં તપેલી વીંટી, ને એ દોડ્યો રાજગૃહની બહાર : એને જલદી અતિથિને આંબી જવું હતું, આ ધન તેમને સોંપી દેવું હતું!

વનની કેડીએ ચાલતા અતિથિ સિદ્ધપુરુષે પૂછ્યું, 'તમે?'

પુણિયાની છાતીમાં શ્વાસ સમાતો નહોતો : 'આપ એવું કશુંક કરીને ગયા કે મારે તરત દોડવું પડ્યું!'

એક વૃક્ષની પાસે બેસીને પુણિયાને કહ્યું, 'મારી કંઈ ભૂલ થઈ?'

'હા.'

'હેં! સિદ્ધપુરુષ સ્તબ્ધ બની ગયા.'

પુણિયાએ જીર્ણ વસ્ત્રમાં લપેટેલી તપેલી કાઢીને કહ્યુંઃ

'આ તમે શું કર્યું? તમે તપેલી સોનાની બનાવી દીધી પણ હું તે રાખી લઉં એટલે મારી જિંદગી શ્યામ જ બની જાય ને! શ્રમ વિનાનું લેવાય? આજે જે શુભ ભાવનાઓ-અરમાનો મારા ઉરમાં ઊભરાય છે, પછી તે પ્રકટશે? મહાપુરુષ, મને સુવર્ણ નહી, સત્કર્મ જોઈએ.'

વિદ્યાસિદ્ધ પુરુષના નેત્રોમાં ઝળહળિયાં આવી ગયા :

'આવો અપૂર્વ વૈરાગ્યભાવ ક્યાંથી મળે ! જે સંતોષથી તમારું જીવન ચમકે છે-દમકે છે, એ મને પણ પ્રાપ્ત હજો. સુવર્ણનો આ જગતમાં કોને મોહ ન થાય? પણ તું નિર્લેપ રહ્યો : ધન્ય તને પુણિયા!'

આકાશમાં ઊડતાં પંખીઓ, વનના વૃક્ષો, સૂર્યના કિરણો પુણિયાની આંતરિક મહાનતાને આવકારી રહ્યા : સુંદર રાજગૃહી એ દિવસે વધુ સુંદર બની.- **આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ'સુરિજી**

---

એક પુત્ર પોતાના વૃદ્ધ પિતાને વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમમાં મુકી પાછો ફરી રહ્યો હતો.

ત્યારે જ તેની પત્નિએ તેને ફોન કરીને કહ્યું કે નક્કી કરી લે કે તહેવાર વગેરેની રજાઓમાં પણ પિતાજી ઘરે ના આવે પરંતુ ત્યાં જ રહે. પુત્ર તે વાત કરવા માટે વૃદ્ધાશ્રમમાં પાછો પહોંચ્યો કે તેણે જોયું કે તેના પિતા વૃદ્ધાશ્રમના મેનેજર સાથે એવી રીતે હળી મળી ગયા હતા કે જાણે ઘણો જુનો અને અંગત સંબંધ હોય.

ત્યારે જ તેના પિતા તેમનો રૂમ અને અન્ય વ્યવસ્થા જોવા માટે ત્યાંથી ગયા.

પોતાની જીજ્ઞાસા શાંત કરવા માટે પુત્રએ અનાથાશ્રમના મેનેજરને પુછ્યું, ''તમે મારા પિતાને ક્યારથી ઓળખો છો?''

ત્યારે તે વૃધ્ધ મેનેજરે જવાબ આપ્યો, ''છેલ્લા ત્રીસ વર્ષથી... જ્યારે તે અમારી પાસે એક અનાથ છોકરાને ગોદ લેવા માટે આવ્યા હતા...''- **પ્રેષક : તૃપ્તીબેન, સૌ. ધર્મદ્વાર.**

# મા બાપને ભૂલશો નહિ.

**''જે મસ્તી હોય છે આંખોમાં, તે મદિરાલયમાં નથી હોતી**
**અમીરી કોઈ અંતરની, મોટા મહાલયમાં નથી હોતી**
**શીતળતા પામવાને માનવી! તું દોટ ક્યાં ક્યાં મૂકે છે**
**જે માની ગોદમાં હોય છે, તે હિમાલયમાં નથી હોતી!!''**

માતૃદિવસે (મધર્સ ડે) આ પંક્તિઓ હિમાલયના એવરેસ્ટ શિખર જેટલી ઊંચાઈ ધારણ કરે છે. નવજાત શિશુ પથારીમાં મળમૂત્ર કરે ત્યારે મા પડખું ફેરવી એમાં ઊંઘે અને કોરી પથારીમાં બાળકને પોઢાડે, આ બાળક નિશાળે જાય ત્યારે વહેલી સવારે સૌથી પહેલાં ઊઠીને બાળકને નવરાવી તૈયાર કરી લંચબોક્સ સાથે ગાડીમાં બેસાડવા જાય, કિશોર બને ત્યારે શોર કર્યા વગર પાલનપોષણ કરે, યુવાન થાય ત્યારે પોતાનું મંગલસૂત્ર ગીરવી મૂકી પુત્રને મંગલસૂત્ર પહેરનારી લાવી આપે, એ માથે હાથ ફેરવે તો મુસીબત પણ કિસ્મત બની જાય. એવી મા-ને આજના માતૃદિવસે વંદન સહ સો સો સલામ.

ભાવનગરના મહારાજા રોજ દરબાર ભરે. દરબારનું સંચાલન તેમના દીવાન સર પ્રભાશંકર પટણી કરે. ધાર્મિક, સામાજિક, આર્થિક વગેરે વાતોનો સત્સંગ ચાલે. ભગવદ્ગીતાના સ્થિતપ્રજ્ઞ જેવા દીવાનનો મોભો પડે. એક દિવસ ભર્યા દરબારમાં એક સંદેશાવાહકે ચાલુ દરબારમાં પ્રભાશંકરના કાનમાં કંઈક કહ્યું એની સાથે જ દીવાન ધ્રુસકે ધ્રુસકે પોકે પોકે ભરી સભામાં રડવા લાગ્યા. આંસુ અટકવાનું નામ ના લે.

સભા સ્તબ્ધ. મહારાજા ખુદ ઊભા થઈ ગયા. શું થયું દીવાનસાહેબ? જવાબઃ મારાં ૯૫ વર્ષના મા ગુજરી ગયા. મહારાજાએ કહ્યુંઃ તમે તો ચિંતક છો, વિદ્વાન છો. સ્થિતપ્રજ્ઞ છો. બીજાને આશ્વાસન આપો છો. અને આજે તમે ખુદ રડો છો. મારા માન્યામાં નથી આવતું! તમારે શું ખોટ છે? મહારાજા-તમારા ભાવનગરમાં મારે કંઈ જ ખોટ નથી. પ્રજામાં ખૂબ માન છે. સર પધારો, દીવાન સાહેબ પધારો, પટણી સાહેબ, પધારો. મારી આર્થિક સ્થિતિ આપના પ્રતાપે બહુ સદ્ધર છે. કંઈ જ ખોટ નથી પણ રોજ બરાબર ૧૨.૦૦ વાગે મારી મા મને જમવા બોલાવતી. મારે જો આ દરબારમાં સંજાગોવશાત મોડું થઈ જાય તો આ મારી ૯૫ વર્ષના મા લાકડીના ટેકે આ ભર્યા દરબારમાં બોલાવવા આવતી અને મારું કાંડુ પકડી કહેતીઃ 'અલ્યા પરભા ઊઠ-ચાલ જમી લે બાર થઈ ગયા છે.'' મહારાજ... બસ... આજે હવે આ પરભો કહેનારું કોઈ નથી રહ્યું એનું રડવું આવે છે!! આ માનો તુકારો મા વગર કોણ કરશે? આ છે માના તુકારાની તાકાત!!

દીકરો મોટો કલેક્ટર થઈ ગયો હોય તો ય માને મન તો એ દીકરો જ છે. મા એમ નથી કહેતી આવો પધારો કલેક્ટર સાહેબ, ચાલો.. હવે .. જમી લો .. એ તો એમ જ કહેશે. અલ્યા એ લાલિયા.. લે હેંડ હવે ખઈ લે. કલેક્ટર પણ મા ને કહેશેઃ અલી માડી ભૂખ લાગી છે. ખાવાનું આપને. આ બે તુકારાનું વજન કરવાનો કાંટો હજુ વિશ્વમાં શોધાયો નથી અને તુકારાની કિંમત કરવા જાવ તો અદાણી-અંબાણી, ટાટા-બિરલાની બધી મિલકત ભેગી કરો ને તો ય ઓછી પડે મારા બાપ!! જશોદા અને કાનુડાના હેતનો તે કદી મૂલ ચૂકવાતાં જોયાં છે? તમે ૭૦ વર્ષના થઈ જાવ તો ય તમને તુકારે બોલાવે એ મા સિવાય કોઈ જ ના હોઈ શકે અને ૧૦૦ વર્ષની માવલડીને તુકારે બોલાવે એ એનો લાડકવાયો દીકરો જ હશે. ભલેને એને ય ઘેર દીકરાના ય દીકરા હોય.. વાહ મારી માવડી, ઓ માવલડી... મા તને ઘણી ખમ્મા...ઘણી ખમ્મા.

ગરીબ ઘર હોય. બે દીકરા હોય. એક મા હોય. ત્રણ થયાં. પણ કચરા પોતા માટે બે રોટલા શેઠાણીએ આપ્યા હોય પછી જમવા બેસે ત્યારે કહે. દીકરા આ બે રોટલા તમે બે ખાઈ લો. આજે તો મારે ઉપવાસ છે. આ ઉપવાસ છે એમ કહેનારી મા જ હોય ને! અમીરનું ઘર હોય. તિજારીઓ ભરેલી હોય પણ જેના હૃદય ખાલીખટ હોય એવા નાલાયક છોકરા ધક્કા મારી માને ઘરની બહાર ધકેલતા હોય છતાં હે ભગવાન!! ભલે મને દુઃખ પડતું પણ મારાં આ છોકરાને સાચવી લે જે મારા કાળિયા ઠાકર!! તો પણ નક્કી માનજો કે આવું કહેનારી એ મા જ હશે! આ માનાં વધામણાં કરવા તો આખા જગતના શબ્દકોશ પણ ઓછા પડે મારા ભાઈ!!

દીકરી સાસરે જતી હોય. મા રડતી જાય અને દીકરીને શિખામણ આપતી જાય. લે... આમાં તો કંઈ રડાતું હશે બેટા! આ કરુણા તો મા-દીકરાની ૪ ચાર આંખો વગર કોણ વાંચી શકે? દીકરી ઘર છોડે અને દીકરો તરછોડે ત્યારે મા ખૂબ રડે. રાજા રાવણનું પતન થયું કારણ કે એને ઘેર દીકરી નહોતી જન્મી. જો એકાદ દીકરી હોત તો કદાચ સીતાનું હરણ રાવણે કર્યું ના હોત.

દીકરી માની જ પ્રતિકૃતિ છે ને! એક કિલો વજન ઊંચકી કોઈથી આજે પણ નવ દિવસ એક જગાએ ઊભા રહી શકાતું નથી. ત્યારે બે-ચાર કિલોનું તમારું વજન સતત નવ નવ મહિના ઊંચકી જેણે ઘરકામ કરવામાં પાછી પાની નથી કરી એની સેવા કરવામાં જો તમે પાછી પાની કરશો તો યાદ રાખજો...

ભગવાન તમને ય કદી માફ નહિ કરે. માટે જ કહ્યું છે ને કેઃ ભૂલો ભલે બીજું બધું પણ મા-બાપને ભૂલશો નહિ. પંક્તિ યાદ રાખજો. - **સૌ. ગુજરાત સમાચાર**

# એ હું નથી

ઈશ્વરની પાસે માંગવું એ કાંઈ નવું નથી.
માગ્ય વગર મળે તો કંઈ માંગવું નથી.
પગલું મુકી દીધું છે અમે પ્રેમપંથ પર
આગળ વધી ગયા પછી પાછળ જવું નથી.
જે કાંઈ સિતમ થશે એ ખુશીથી સહન કરીશ
રાખું છું ઝુબાન છતાં બોલવું નથી
આઝાદ કોણ છે ? એ મને પણ ખબર નથી.
બોલી રહ્યો છું હું જ પરંતુ એ હું નથી.

**પાનંળર આપો**

મુસીબત આપવી હોય તો આઠે પહોર આપો,
પરંતુ એ સહન કરવાનું લોખંડી જીગર આપો
શરમની વાત છે જો હાથ લાંબો થાય કોઈ નો,
મઝા આવે જો હકદારોના હક માંગ્યા વગર આપો
બધા અન્યાય અત્યાચાર સળગી રાખ થઈ જાઓ
દુવાઓમાં અમારી યા ખુદા એવી અસર આપો.

**- કુતુબ આઝાદ - સં. આસીતા દોશી**

# તત્ત્વની ઝાંખી થાય તો પળમાં થઈ જાય

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

એક ઝેન મઠના સંતની આ વાત છે. તેઓ એક સવારે ધ્યાનમાંથી નિવૃત્ત થઈને ધ્યાન કક્ષની બહાર આવીને બેઠક ખંડમાં મુકેલા તેમના આસન ઉપર માંડ બેઠા હશે ત્યાં એક ભિક્ષુ જે મઠમાં જ વસતો હતો તે આવ્યો અને સંતના ચરણને સ્પર્શ કરીને તેમની પાસે નીચે બેઠો અને તેમની સામે જઈને આજ્ઞાની પ્રતીક્ષા કરવા લાગ્યો.

સંત થોડીકવાર તેની સામે જોઈ રહ્યા. પછી તેમણે ભિક્ષુને કહ્યું, ''જો આજે તારી કસોટી છે. અહીં મારી પાસે પાણી ભરેલું વાસણ પડ્યું છે તેને બરોબર જોઈ લે. તેના ઉપર તારે વગર બોલે એવું વકતવ્ય આપવાનું છે કે જે તેના પૂર્ણ રહસ્યને પ્રગટ કરે. જો તું આ કસોટીમાંથી ઉત્તીર્ણ થઈશ તો તને ઝેન સંપ્રદાયની દીક્ષા આપી હું તને શિષ્ય તરીકે સ્થાપીશ.''

સંતની આજ્ઞા સાંભળીને ભિક્ષુ મુંઝાઈ ગયો. પાણી ભરેલા વાસણમાં તો વળી શું રહસ્ય હોય ? અને વળી તેને વગર બોલે વ્યક્ત કરવાનું. એ વાત શી રીતે બને ? સંતે આપેલી કસોટી ઉપર વિચાર કરતા તે મઠમાં બધે ફરવા લાગ્યો પણ તેને કંઈ ઉકેલ મળ્યો નહિ. કસોટીની ચિંતામાં ને ચિંતામાં તે બપોરનું ભોજન કરવા માટે ભોજનશાળામાં પણ ન ગયો.

આમ કરતા સાંજ પડવા આવી.સંધ્યાકાળે તે ફરીથી સંત પાસે ગયો અને તેમના પગ પકડીને બોલ્યો, ''ગુરુજી ! સમસ્યાનો ઉકેલ કેવી રીતે મળે ? પાણી ભરેલા વાસણમાં તો શું રહસ્ય હોય ? અને તે પણ પાછું વગર બોલે કહેવાનું. મને તો કંઈ ગમ પડતી નથી.''

સંતે કહ્યું, ''તું પાછો જા. વિચાર કર. સમસ્યાનું સમાધાન મળે ત્યારે મારી પાસે આવજે. તે વગર તને પંથની દીક્ષા આપી શકાશે નહિ. દરમિયાન સામાન્ય સાધન તરીકે તું મઠમાં રહી શકશે. ક્યારેક તને સમાધાન મળી આવે ત્યારે આવીને મને કહેજે.''

ભિક્ષુ નિરાશ થઈને પાછો ફર્યો. થોડીવાર આમતેમ ફરતો રહ્યો. તે મંદિરમાં ગયો અને ભગવાન બુદ્ધની મૂર્તિ સામે જોઈને ક્યાંય વાર સુધી ઊભો રહ્યો પણ સમસ્યાનું સમાધાન તેને મળ્યું નહી. ત્યાંથી નીકળીને મઠની પડાળીમાં આવીને બેઠો. ત્યાં ભોજનશાળાનો રસોઈયો તેને શોધતો આવી પહોચ્યો.

તેણે ભિક્ષુને કહ્યું, ''તમે સવારે જમવા આવ્યા ન હતા. સાંજે પણ ન આવ્યા એટલે તમને શોધવા નીકળ્યો. આમ મૂંઝાયેલા કેમ બેઠા છો ? તમારી ચિંતાનું કારણ શું છે ?''

ભિક્ષુએ સંતે આપેલી સમસ્યાની વાત કરી. રસોઈયાએ કહ્યું, ''ચાલો હું સમાધાન આપું. એમાં મૂંઝાવા જેવું શું છે તમે સંત પાસે જઈને પાણી ભરેલા વાસણને લાત મારીને પાણી ઢોળી નાખો અને પછી જમવા માટે આવી જાવ.''

ભિક્ષુએ કહ્યું, ''અને સમસ્યાનું શું ? સમાધાન ક્યાં રહ્યું ?''

રસોઈઓ બોલ્યો, ''આ જ સમાધાન ભેદમાં અભેદ.''

ભિક્ષુએ સંત પાસે જઈને રસોઈયાએ કહ્યું હતું તેમ કર્યું, પાણી ઢોળી નાખ્યું જે ચારેય બાજુ વહી ગયું. સંત તેની સામે જોઈ રહ્યા પછી તેમણે કહ્યું, ''સમસ્યાનું સમાધાન બરોબર છે. પણ તે તારું નથી લાગતું. જેણે તને આ ઉકેલ બતાવ્યો હોય. તેને મારી પાસે લઈ આવ.''

ઝેન સંપ્રદાય માને છે કે, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ ક્રમિક નથી હોતો. તેની પૂર્વ તૈયારી માટે કદાચ સમય આપવો પડે પણ તત્ત્વની ઝાંખી થાય તો પળમાં થઈ જાય અને ન થાય તો જન્મો સુધી પણ ન થાય. આકાશમાં વીજળી ઝબૂકે અને આખું આકાશ ઝળાહળા થઈ જાય તેમ સાધકના ચિદાકાશમાં તત્ત્વનો ઝબકારો થઈ જાય અને તેમાં જીવનના સકળ રહસ્યો પ્રગટ થઈ જાય. એક વખત આ અનુભૂતિ થયા પછી સાધકનુ જીવન બહારથી તો સામાન્ય લાગે પણ વાસ્તવિકતામાં સાધક જીવનથી પર રહીને જ જીવતો હોય છે. તે જીવે છે ખરો પણ તેને જીવન સ્પર્શતું નથી હોતું. આપણે જીવનને વળગીને જીવતા હોઈએ છીએ. એ બેની વચ્ચે ઘણો ફેર પડી જાય છે.

સાધનાની આ બહુ ઊંચી ભૂમિકા છે. સિદ્ધિની આ વાતને જો સરળતાથી કહેવી હોય તો એમ કહી શકાય કે, ''જે પોતાના અહંભાવનું વિસર્જન કરીને અસ્તિત્વ સાથે તદ્રુપ થઈને સમયમાં જીવી જાણે છે તે જ સાચા અર્થમાં જીવી જાણે છે.''- **ચંદ્રહાસ ત્રિવેદી.**

**હા, અમારા અનુભવની જ આ વાત છે- તંત્રી**

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,